


# CIMS News Care & Cure

Volume-3 | Issue-26 | September 25, 2012

Price : ₹ 5/-

CIMS®
Care Institute of Medical Sciences



CIMS News
Care & Cure
Volume-3 | Issue-26 | September 25, 2012

CIMS®
Care Institute of Medical Sciences

# લો બેક પેઈન



દુનિયાભરમાં, અસક્ષમતા અને નિષ્ક્રીયતાના સૌથી સામાન્ય કારણોમાંનું એક કારણ કમરનો દુખાવો છે. સામાન્ય રીતે આ દુખાવો સ્પોન્ડીલાઈટીસ અથવા કમરના મણકાના ઘસારાને કારણે થાય છે.

આ દુખાવો તમારા પીઠના મધ્યમાં થઈ શકે છે અથવા એક બાજુ થાય છે જે સ્નાયુ ખેંચ, ઈજા કે અક્કડતા જેવું લાગે છે. પથારીમાંથી ઉભા થવાની, બેસીને ઉભા થવા કે લાંબો સમય બેસી રહેવા જેવી સ્થિતિમાં પીઠનો દુખાવો સામાન્ય રીતે ગંભીર થઈ જાય છે.

### લોકો શા માટે પીઠના દુખાવાથી પીડાય છે ?

ઉત્ક્રાંતિના ભાગરૂપે માનવોએ સીધા ઉભા રહેવાની સ્થિતિનું અનુકૂલન સાધ્યુ, આ એક એવો બદલાવ હતો જેમાં શરીરનું વજન જમીન પર ગયું. માનવો માટે શરીરના વજનને કરોડરજ્જુથી નિતંબના સાધા અને નીચેના અવયવોમાં પસાર કરવું જરૂરી બન્યું. લમ્બાર સ્પાઈન અને ત્યારબાદ સર્વાઈકલ સ્પાઈન કરોડરજ્જૂના સૌથી સામાન્ય હિસ્સાઓ છે જે ઘસારાની પ્રક્રિયાનો ભોગ બની શકે છે, જે સ્પોન્ડિલાઈટીસ તરીકે ઓળખાય છે. રોજિંદા કામકાજ દરમ્યાન આપણે ઘણી ચીજવસ્તુઓ ઉંચકીને એક ઠેકાણેથી બીજા ઠેકાણે મુકવી પડે છે. આવા સમયે શરીરની અંગ સ્થિતિ આદર્શ ન હોય તો ગાદી પર


## મીનીમલ ઇન્વેઝીવ સ્પાઇન સર્જરી કેમ્પ




માઇક્રોડીસ્કેક્ટોમી
(ગળાની અને કમરની ગાદીની માઇક્રોસર્જરી)
ફક્ત ₹ ૪૦,૦૦૦




સ્પાઇન
સ્ટેબીલાઇઝેશન
ફક્ત ₹ ૫૫,૦૦૦

અન્ય સર્જરી આ કેમ્પ દરમિયાન રાહત દરે કરી આપવામાં આવશે
આ સર્જરી સીમ્સ હોસ્પિટલના સર્વશ્રેષ્ઠ ઓપરેશન થીયેટર્સમાં કરવામાં આવશે.

ડૉ. પુરવ પટેલ, ડીએનબી (ન્યુરોસર્જરી)
બ્રેઇન અને સ્પાઇન સર્જન, સીમ્સ હોસ્પિટલ
મો : +૯૧ - ૯૯૦૯૯ ૮૯૪૨૮


CIMS®
Care Institute of Medical Sciences
At CIMS... we care

સીમ્સ હોસ્પિટલ : શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
એપોઇન્ટમેન્ટ માટે ફોન : +૯૧-૭૯-૩૦૧૦ ૧૨૦૦, ૩૦૧૦ ૧૦૦૮ (મો) +૯૧-૯૦૯૯૦ ૬૬૫૪૦
ઇમેલ : opd.rec@cimshospital.org વેબ: www.cims.me

દબાણ આવ્યા વિના રહેતુ નથી. સંશોધનો પરથી સાબિત થયુ છે કે જો કમરેથી આગળ ઝુકીને કશુંક વજન ઉપાડવામાં આવે તો ગાદી પર આવતા દબાણમાં ૧૦૦ ટકાનો વધારો થાય છે. આ સમયે કમરની દિશા બદલાવવામાં આવે (ડાબી કે જમણી તરફ ઝુકવું) તો ગાદી પર આવતા દબાણમાં ૪૦૦ ટકાનો વધારો નોધાયો છે. માનસિક તાણ પણ કરોડની પીડા વકરાવવામાં પૂરતો ફાળો નોધાવે છે. આવા સંજોગોમાં કરોડની આસપાસના જ્ઞાનતંતુઓ પર વધુ દબાણ આવે છે.

### શું મારા પીઠના દુખાવા માટે મારે શસ્ત્રક્રિયા કરાવવાની જરૂર પડશે ?

આધુનિક સમયમાં કરોડરજ્જુની શસ્ત્રક્રિયા વધુ સુરક્ષિત અને ઓછી જોખમી બની છે, જેનું મુખ્ય કારણ ટેકનોલોજીમાં થયેલ સુધારા, બહેતર એનેસ્થેસિયા છે. પરંતુ પીઠના દુખાવાથી પીડાતા મોટા ભાગના લોકોને શસ્ત્રક્રિયા કરાવવાની જરૂર નથી. તેમ છતાં, એવી કેટલીક સ્થિતિ છે જેમાં શસ્ત્રક્રિયા જરૂરી બને છે, જ્યારે રોગ સાથે જીવવાનું જોખમ શસ્ત્રક્રિયાના જોખમ કરતાં વધુ હોય. તેમાં એવી પરિસ્થિતિઓનો સમાવેશ થાય છે જેમાં તમારી પીઠમાંથી નીકળતી ચેતાઓના મૂળ પર આવતા દબાણની અસર નીચેના અવયવો પર પડે છે, અને દુખાવો, નબળાઈ અથવા શૂન્યમન્સ્કતા અનુભવાય છે.




જ્યારે નર્વ રૂટ દબાણ હોય ત્યારે "MRI Scan" આવશ્યક બને છે. એમઆરઆઈ તમારા સર્જનને રોગના ચોક્કસ કારણ અને સીમા, નસના દબાણની ગંભીરતા અને મોટા ભાગના કેસોમાં શસ્ત્રક્રિયાની જરુરિયાત નક્કી કરવામાં મદદ કરે છે.


# એમ્બ્યુલન્સ સેવા હવેથી

## સીમ્સ ક્લિનિક, મણિનગર પર ઉપલબ્ધ

**ગંભીર દર્દીઓ માટે મણીનગર થી સીમ્સ હોસ્પિટલ લાવવા આઇસીયુ ઓન વ્હીલની અને વાનની સુવિધા**

એમ્બ્યુલન્સ માટે ફોન (સવારે ૯ થી રાત્રે ૮ કલાક સુધી)
+૯૧-૯૦૯૯૧ ૮૨૨૨૨, ૯૦૯૯૦ ૨૪૭૯૮
(રાત્રે ૮ થી સવારે ૯ કલાક સુધી)
+૯૧-૯૮૨૪૪ ૫૦૦૦૦, ૯૭૨૩૪ ૫૦૦૦૦, ૯૦૯૯૦ ૧૧૨૩૪




**અન્ય સેવાઓ**

- પેથોલોજી, ઇસીજી, ઇકોકાર્ડિયોગ્રાફી, ટીએમટી તથા અન્ય ઘણી બધી સગવડો
- કાર્ડિયોલોજી, કાર્ડિયોથોરાસીક અને વાસ્ક્યુલર સર્જરી, જોઇન્ટ રીપ્લેસમેન્ટ, ઓર્થોપેડિક્સ અને ટ્રોમા સર્જરી, વાસ્ક્યુલર અને એન્ડોવાસ્ક્યુલર સર્જરી, પીડિયાટ્રીક કાર્ડિયોલોજી, પીડિયાટ્રીક નીઓનેટોલોજી, પીડિયાટ્રીક આઇસીયુ, પીડિયાટ્રીક સર્જરી, ફેફસાના સ્પેશ્યાલીસ્ટ, ક્રીટીકલ કેર, સ્પાઇન સર્જરી, ઓન્કોલોજી (કેન્સર), ઓન્કો સર્જરી (કેન્સર), નેફ્રોલોજી, જીઆઇ અને લેપ્રોસ્કોપીક સર્જરી, એન્ડોસ્કોપી, હિપેટોબીલીયરી સર્જરી, ન્યુરોલોજી, ઇન્ફેક્સિયસ ડિસીઝ અને ઇએનટી, ન્યુરો સર્જરી, પ્લાસ્ટીક અને કોસ્મેટીક સર્જરી, યુરોલોજી અને બેરીયાટ્રીક સર્જરીની ઓપીડી સેવા ઉપલબ્ધ

Green Hospital

CIMS®
Care Institute of Medical Sciences
At CIMS... we care

**સીમ્સ ક્લિનિક**


**પહેલો માળ, શાંત પ્રભા હાઇટ, વલ્લભ વાડી સામે, ભૈરવનાથ રોડ, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.**

**એપોઇન્ટમેન્ટ માટે ફોન : +૯૧-૭૯-૨૫૪૪ ૦૩૮૧-૮૩ (૩ નંબર)**

CIMS News
Care & Cure
Volume-3 | Issue-26 | September 25, 2012



માઈક્રોસ્કોપિક અથવા એન્ડોસ્કોપિક ડિસેકટોમી એક મીનીમલી ઈન્વેઝીવ સર્જરી છે જેમાં સ્લીપ્ડ ડિસ્કની જગ્યાએ પીઠમાં અડધો ઇંચ લાંબો કાપો મૂકીને હર્નિએટ થયેલ ડિસ્ક મટિરીયલ દૂર કરવામાં આવે છે. સ્નાયુને કાપવાનો બદલે, ડાઈલેટર્સનો ઉપયોગ સ્નાયુને ખેંચવા માટે અને એન્ડોસ્કોપ અને શસ્ત્રક્રિયાના ઉપકરણો માટે જગ્યા કરવા માટે થાય છે. ડિસ્કના હિસ્સા ત્યારબાદ દૂર કરવામાં આવે છે અને ડિસ્કના સ્વસ્થ હિસ્સાને તેની જાતે રૂઝ આવવા માટે છોડી દેવામાં આવે છે. કાપાને અંદરથી બંધ કરવામાં આવે છે અને બહારની તરફ કોઈ ટાંકા હોતા નથી.



માઈક્રોસ્કોપિક-એન્ડોસ્કોપિક ડિસેકટોમીમાં અંદાજે ૧ કલાક લાગે છે જેનો આધાર દર્દીના કદ અને તેની ક્ષતિગ્રસ્ત ડિસ્ક પર છે. ઓપન સર્જરી કરતા તેનો રીકવરી ગાળો ઝડપી હોય છે તે છતાં, તમામ કિસ્સાઓમાં તે હિતાવહ નથી. ડોકટર પ્રત્યેક કેસમાં કયા પ્રકારની સર્જરી યોગ્ય છે તે નક્કી કરશે.


## સ્પાઈન ફ્યુઝન સર્જરી શું છે અને શું તે હાનિકારક છે

સ્પાઈન ફ્યુઝનની ભલામણ ત્યારે કરવામાં આવે છે જ્યારે તેમાં ઈન્સ્ટેબિલીટી નામક સ્થિતિ હોય છે વિવિધ કારણોસર થાય છે. સ્પાઈનલ કોલમ નબળી પડી જાય છે અને તે સામાન્ય શરીરના વજનને આધાર આપવામાં નિષ્ફળ નીવડે છે. તેમાં સામાન્ય રીતે ઈમ્પ્લાન્ટથી શસ્ત્રક્રિયા દ્વારા અને બોન ગ્રાફ્ટ દ્વારા (કરોડરજ્જુને સખત બનાવવા માટે પ્રત્યારોપિત કરવામાં

## WHAT CAUSES BACK PAIN ?

Any of the below :

- DISCS
- JOINTS
- MUSCLES
- NERVES
- SPINAL CORD
- VERTEBRAE



## ANXIETY & STRESS

- Has been shown to aggravate and prolong low back pain
- Attitudes of fear and worry over your back have been shown to delay recovery

## WHEN SHOULD I SEE MY DOCTOR?

- Severe pain that worsens over a period instead of getting better
- Pains and needles or severe weakness in BOTH legs
- Difficulty in walking
- Pain that does not get better when moving or changing positions
- Pain that wakes you up at night
- Night sweats
- Difficulty in passing or controlling urine

THE TRUTH IS THAT A SPECIFIC ANATOMICAL CAUSE CAN ONLY BE RELIABLY IDENTIFIED IN 10 – 15 % OF ALL CASES OF LOW BACK PAIN. IT COULD BE A COMBINATION OF FACTORS WILL LIKELY NOT CHANGE YOUR OUTCOME

## ULTIMATE GOAL
## " GET UP AND GET MOVING "

| HARM WITH RESTING | BENEFITS OF ACTIVITY |
|---|---|
| DECONDITIONING | NATURAL ENDORPHINS FOR PAIN RELIEF |
| WEAKENING OF BONES | STRENGTHEN MUSCLE & BONES |
| LOSS OF FLEXIBILITY | PREVENT BACK STIFFNESS |
| SOCIAL WITHDRAWAL | STIMULATE BODY'S OWN ABILITY TO HEAL |
| DEPRESSION | |

A very minor percentage of low back pain ends up being a serious condition that requires a surgery.

CIMS News
Care & Cure
Volume-3 | Issue-26 | September 25, 2012

આવતું ધાતુ કે અન્ય ઉપકરણ) કરવામાં આવે છે. આ શસ્ત્રક્રિયાનું પરિણામ સામાન્ય રીતે ઉત્કૃષ્ટ હોય છે.

## સ્પાઈન સર્જરી બાદ શું હું ચાલી શકીશ અને પાછા કામ પર લાગી શકીશ

સ્પાઈન સર્જરી વિશેની જાત જાતની ખોટી અફવાઓ ફેલાય છે. નિ:શંકપણે કોઈપણ સર્જરી સંબંધિત પ્રક્રિયામાં જોખમ સંકળાયેલું હોય છે પરંતુ સ્પાઈન સર્જરી કરાવવાનો ડર ઘણીવાર બિનજરૂરી હોય છે. આધુનિક તબીબી ઉપકરણો, દેખરેખની નવી પદ્ધતિઓ અને એનેસ્થેસિયાની બહેતર પદ્ધતિઓ દ્વારા સ્પાઈન સર્જરી કોઈપણ અન્ય સર્જરી જેટલી જ સુરક્ષિત છે. આ ઉપરાંત, શસ્ત્રક્રિયાનો ઉદ્દેશ્ય અસક્ષમતાનું પ્રમાણ અને ગાળો નિયંત્રિત કરવાનો છે. દર્દીઓને એ જ દિવસે અથવા શસ્ત્રક્રિયા બાદના દિવસે ચાલવા માટે અને ત્રણ થી ચાર અઠવાડિયામાં કામ પર પાછા ફરવા માટે પ્રોત્સાહિત કરાય છે. આ સમય દરમ્યાન હું દર્દીઓને વાંકા વળવાથી, વજન ઉંચકવાથી, રોડ દ્વારા ખાસ કરીને ટુ-વ્હીલર કે થ્રી-વ્હીલર પર મુસાફરી કરવાની અને લાંબા સમય સુધી બેસી રહેવા દૂર રહેવાની સલાહ આપું છું. સૌથી મહત્વપૂર્ણ છે કે, સ્પાઈન સર્જરી ચેતા મૂળ પરનું દબાણ ઓછું કરવા કે અસ્થિરતાને દૂર કરવા માટે કરવામાં આવે છે, પહેલેથી હાજર ઘસારાથી થયેલ ફેરફારને ઉલટાવવા માટે નહીં. યોગ્ય મુદ્રા સ્થિત, કરોડરજ્જુની કસરતો અને તાણ દૂર કરવીને તમારી પીઠની સંભાળ લેવી ખૂબ મહત્વપૂર્ણ છે.

## શું હું સ્પાઈન સર્જરી ટાળવા ઈચ્છું તો શું થશે


જો તમે સર્જરીથી દૂર રહો તો વ્યક્તિગત કેસમાં શું થશે તે કહેવું મુશ્કેલ છે, પરંતુ તબીબી સાહિત્ય દર્શાવે છે કે નબળાઈ, શૂન્યમનન્સ્કતા અને બ્લેડરમાં અવરોધ સાથે ચેતા દબાણની

## What Is a Stroke?

It occurs when a blood vessel in the brain bursts or, more commonly, when a blockage develops. Without treatment, cells in the brain quickly begin to die. The result can be serious disability or death. If a loved one is having stroke symptoms, seek emergency medical attention without delay.

## Stroke Symptoms

- Sudden numbness or weakness of the body, especially on one side
- Sudden vision changes in one or both eyes, or difficulty in swallowing
- Sudden, severe headache with unknown cause
- Sudden problems with dizziness, walking, or balance
- Sudden confusion, difficulty in speaking or understanding others or sudden unconsciousness



Before After

## Stroke Test: Talk, Wave, Smile

The F.A.S.T. test helps spot symptoms. It stands for:

- Face. Ask for a smile. Does one side droop?
- Arms.When raised, does one side drift down?
- Speech. Can the person repeat a simple sentence? Does he or she have trouble or slur words?
- Time. Time is critical.

In some cases immediate surgical intervention in form of evacuation of hematoma or decompression can save life of the patients.

Volume-3 | Issue-26 | September 25, 2012

CIMS® Care Institute of Medical Sciences

હાજરીમાં શસ્ત્રક્રિયાને ટાળવાથી ચેતાને સુધરી ન શકાય તેવા ફેરફાર થાય છે. એથીય મહત્વપૂર્ણ, ચેતાના નુકસાનના પુનરાવર્તનની શક્યતા નક્કી કરવામાં ચેતા દબાણનું પ્રમાણ અને સમય મહત્વના પરિબળો છે. જો ફક્ત દર્દમાં રાહત માટે શસ્ત્રક્રિયાની સલાહ આપવામાં આવી હોય તો તે સામાન્ય રીતે ગંભીર રેડિક્યુલર દર્દ (પગના દુખાવો) અથવા આરામ, એનાલ્જેસીક અને ફિઝીયોથેરાપીથી પણ દૂર ન થાય તેવા દર્દ માટે આપવામાં આવે છે. શસ્ત્રક્રિયાની પણ સલાહ આપવામાં આવે છે જો દર્દીને અસ્થિરતા સાથે ગંભીર પીઠનો દુખાવો હોય. જો ન્યૂરોલોજીકલ ક્ષતિની હાજરીમાં શસ્ત્રક્રિયાને ટાળવામાં આવે તો શક્યતા છે કે તે ક્ષતિ વધે અથવા કાયમી રહે અને ક્ષતિની અવધિના આધારે તે ક્યારેય સાજી ન થાય.

## સર્જરી બાદ અને પીઠના દુખાવાને સામાન્ય રીતે ટાળવા માટે મારે કયા સાવચેતીના પગલા લેવા જોઈએ

વાકાં વળવાનું, વજન ઉંચકવાનું અને ખોટી સ્થિતિમાં લાંબા સમય સુધી બેસવાનું ટાળો. તમે મેદસ્વી હો તો વજન ઉતારો, ટુ-વ્હીલર કે થ્રી-વ્હીલરની મુસાફરીથી દૂર રહો, ધૂમ્રપાન ટાળો અને આરામની કસરતો કરો. યોગ્ય પ્રકારની ગાદીનો ઉપયોગ સૂતી વખતે અયોગ્ય સ્થિતિ ટાળે છે. કરોડરજ્જુને મજબૂત બનાવતી નિયમિત કસરતો તમારી પીઠની તંદુરસ્તીને લાંબા સમય સુધી જાળવી રાખવાનો વિશ્વાસ આપે છે.

**સૌજન્ય**

**ડૉ. પુરવ પટેલ, ડીએનબી (ન્યુરોસર્જરી)**
**બ્રેઇન અને સ્પાઇન સર્જન, સીમ્સ હોસ્પિટલ**
**મો : +૯૧ - ૯૯૦૯૯ ૮૯૪૨૮**

## હૃદયની સમસ્યાનો તાગ મેળવવા માટે એક સરળ કસોટી

### સીટી કોરોનરી કેલ્શિયમ સ્કોરિંગ





સીટી કોરોનરી કેલ્શિયમ સ્કેન એ હૃદયની ધમનીઓમાં કેલ્શિફાઇડ પ્લેકની હાજરી, સ્થળ અને પ્રમાણ જાણવા માટેની બહારથી જોવાની (નોન-ઇન્વેઝીવ) પદ્ધતિ છે. હૃદયની ધમનીઓ હૃદયના સ્નાયુઓને ઓક્સિજન સાથેના લોહીનો પુરવઠો પહોંચાડે છે.

**સીટી કોરોનરી કેલ્શિયમ સ્કોરિંગથી તમને ત્રણ મહત્ત્વની માહિતી મળશે:**

૧. તમારી હૃદયની ધમનીઓમાં કેલ્શિયમની હાજરી કે ગેરહાજરી
૨. તમારી હૃદયની ધમનીઓમાં કેલ્શિયમનું પ્રમાણ
૩. ભવિષ્યમાં હાર્ટએટેક આવવાની શકયતા

**સ્કેન સમય ૩૦ સેકન્ડથી પણ ઓછો**

Visit http://www.cims.me/cims-general-brochures.php

CIMS® Care Institute of Medical Sciences


**સીમ્સની મુલાકાત લો અને સીટી કેલ્સિયમ સ્કોરીંગ કરાવો**

**ફક્ત ₹ ૨૮૦૦/-**

સીમ્સ હોસ્પિટલ : શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
એપોઇન્ટમેન્ટ માટે ફોન : +૯૧-૭૯-૩૦૧૦૧૨૦૦, ૩૦૧૦ ૧૦૦૮ (મો) +૯૧-૯૦૯૯૦ ૬૬૫૪૦

## An interesting fact

*Sushruta is the father of surgery.*



Sushruta was an ancient Indian surgeon, whose collected writings are known today as Sushruta Samhita, in which he describes over 300 surgical procedures, 120 surgical instruments, and eight categories of human surgery. He lived, taught and practiced on the banks of the Ganges in the area that corresponds to the present day city of Varanasi in North India. Because of his seminal and numerous contributions to the science and art of surgery he is known by the title "Father of Surgery". Much of what is known about this inventive surgeon is contained in the Sushruta Samhita.

Courtesy http://en.wikipedia.org/wiki/Sushruta




## Cashless Mediclaim treatment available at CIMS Hospital

CIMS® Care Institute of Medical Sciences — At CIMS... we care

**CIMS is now on panel with insurance company and there following TPAs under group of PPN**

1. E-meditek (TPA) Services Limited
2. Medsave Health Care (TPA) Ltd.
3. Heritage Health TPA Pvt. Ltd.
4. MD India Healthcare Services (TPA) Pvt. Ltd.
5. Paramount Health Services (TPA) Pvt. Ltd.
6. Health India TPA Services Pvt. Ltd.
7. Genins India TPA Ltd.
8. TTK Health Care TPA Pvt. Ltd.
9. Anmol Medicare (TPA) Ltd.
10. Vipul Medcorp Pvt. Ltd.
11. Dedicated Health Care Services TPA (India) Pvt. Ltd. (DHS)

**Other TPA under Cashless Medical treatment**

1. Family Health Plan (FHPL)
2. Star Health
3. United Health Care/Parekh TPA
4. Rothshield

**Private insurance company under Cashless Medical treatment**

1. Apollo Munich Insurance
2. Reliance HCMT
3. IFFCO Tokyo (ITGI CHCT)
4. HDFC Ergo

**For more information and a tour of Hospital call**

+91-90999 17161 +91-90990 68954
+91-90999 19268 +91-98253 76321

Insurance Desk +91-79-30101084 (Mr. Riyaz and Mr. Nishit)

INVITATION

**October 12th to 18th**

a JOINT effort for World Arthritis Day

FIRST TIME EVER 1
a public awareness exhibition

CIMS Hospital & Shree Orthocare Group jointly invites you to attend **a public awareness exhibition** on occasion of

## WORLD ARTHRITIS DAY 2012



Inspiring hope through awareness,
Join experts and learn to cope with Arthritis and still leading an active life!

Date: **October 12th to 18th, 2012**
Time: **9:00 am to 6:00 pm**
Venue: **CIMS Hospital, Off. Science City Road.**

DON'T LET ARTHRITIS SLOW YOU DOWN!

**Dr. Ateet Sharma** +91 98240 61766 | **Dr. Amir Sanghavi** +91 98250 66013 | **Dr. Chirag Patel** +91 98250 24473 | **Dr. Hemang Ambani** +91 98250 20120

**CIMS Hospital**, Nr. Shukan Mall, Off Science City Road,
Sola , Ahmedabad - 380060, Gujarat, India.
Phone: +91-79-2771 2771-75 [5 Lines]

www.shreeorthocare.com | www.cims.me

Shree Orthocare — Strength in Togetherness

CIMS® Care Institute of Medical Sciences — Joint Replacement Department

CIMS News
Care & Cure
Volume-3 | Issue-26 | September 25, 2012

CIMS®
Care Institute of Medical Sciences

**CIMS News Care & Cure Registered under RNI No. GUJBIL/2010/39100**
**Permitted to post at PSO, Ahmedabad-380002 on the 30th to 5th of every month under**
**Postal Registration No. GAMC-1813/2011-2013 issued by SSP Ahmedabad valid upto 31st December, 2013**
**Licence to Post Without Prepayment No. CPMG/GJ/102/2012 valid upto 31st December, 2013**

**If undelivered Please Return to**

**CIMS Hospital**
Nr. Shukan Mall, Off Science City Road,
Sola, Ahmedabad-380060.
Phone : +91-79-2771 2771-75 (5 lines)
Mobile : +91-98250 66664, +91-98250 66668

**Subscribe "CIMS News Care & Cure" :** Get your "CIMS News Care & Cure", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-3010 1059 / 3010 1060. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription

## નિ:શુલ્ક સીપીઆર શીખો અને એક જિંદગી બચાવો
### (કાર્ડિયોપલ્મોનરી રેસસીટેશન / કાર્ડિયાક મસાજ)

CIMS®
Care Institute of Medical Sciences

- શું તમારી આજુ-બાજુ કોઇનું હૃદય એકાએક બંધ પડી ગયુ છે ?
- કોઇ બેહોશ થઇ ગયુ છે ?
- કોઇનો શ્વાસ રૂંધાઈ ગયો છે ?

સીપીઆર એટલે હૃદયની ગતિ બંધ પડી હોય તેવા વ્યક્તિને આપવામાં આવતી તાત્કાલિક સારવાર પ્રક્રિયા કે જે કોઇપણ સામાન્ય વ્યક્તિ શીખી અને અપનાવી શકે છે.



સીમ્સ હોસ્પિટલ દર મહિનાના પહેલા રવિવારે ૨ કલાક માટે
નિ:શુલ્ક સીપીઆર ના ક્લાસનું આયોજન કરે છે.

**સમય : સવારે ૧૦ થી ૧૨**

**રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો (મો) +૯૧-૯૦૯૯૦ ૬૬૫૨૭**

સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦. ઇમેલ : info@cims.me વેબ: www.cims.me

Printed, Published and Edited by Preeta Chag on behalf of the CIMS Hospital
Printed at High Scan Pvt. Ltd., 'Hi Scan Estate', Sarkhej-Bavla Highway, Changodar. Ahmedabad-382 213.
Published from CIMS Hospital, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.